Complykaro

# ૩ ટકા લોકો જ કાર્યસ્થળે સ્ત્રી સુરક્ષાની સંભાળ રાખે છે : સર્વે

ભાસ્કર ન્યૂઝ. મુંબઈ

એક સર્વેક્ષણ અનુસાર દક્ષિણ મુંબઈની સંસ્થાઓમાં ફક્ત ત્રણ ટકા જ સ્ત્રીઓની સુરક્ષાની સંભાળ રાખે છે, જ્યારે જાતીય સતામણી ધારા વિશે જાગૃતિ અત્યંત નીચી છે. મુંબઈના વેપાર કેન્દ્ર નરીમાન પોઈન્ટ અને વેપાર જિલ્લો તરીકે ઊભરી રહેલા લોઅર પરેલ ખાતે આ સર્વેક્ષણ હાથ ધરાયું હતું, જેમાં એવું બહાર આવ્યું હતું કે કાર્ય સ્થળ (નિવારણ, પ્રતિબંધ રાહત) ધારા 2013 ખાતે સ્ત્રીની જાતીય સતામણી વિશે વાકેફ સંસ્થાઓને પણ તે કઈ રીતે લાગુ કરવો તેની જાણ નથી.

સર્વેક્ષણ કોમ્પ્લાયકરો દ્વારા હાથ ધરાયું હતું. આ સમૂહની રચના કંપનીઓ અને સંસ્થાઓને કાયદાની જોગવાઈની અમલબજાવણી કરવામાં મદદરૂપ થવા માટે કરાઈ છે. આ સમૂહ કાયદાનું પાલન ન કરતી સંસ્થાને રૂ. 1 લાખ સુધી આકરો દંડ અને વેપાર બંધ કરવા સુધીનો દંડ લાગુ કરવો જોઈએ એવું ચાહે છે.

પ્રેસ ક્લબ- મુંબઈ દ્વારા તેની જ્ઞાન શ્રેણીના ભાગરૂપ 8 માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય સ્ત્રી દિન આવી રહ્યો છે તેના ઉપલક્ષ્યમાં આયોજિત મિડિયા મીટમાં ભાગ લેતાં કોમ્પ્લાયકરો સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક અને સંચાલક વિશાલ કેડિયાએ જણાવ્યું હતું કે કાયદા વિશે અજાણતાને લીધે સેંકડો મોટી અને નાની સંસ્થાઓ ખાતે સ્ત્રીની સુરક્ષા પ્રત્યે દયનીય અવસ્થા જોતાં અમને આંચકો લાગ્યો છે. કાયદાનું પાલન ન કરતી સંસ્થાઓમાં બનતા જાતીય સતામણીના કિસ્સા તેમને માટે વિનાશક અસર નોતરી શકે છે, કારણ કે તેમને દંડ અને સજા ઉપરાંત વેપાર કાયમી ધોરણે બંધ કરવાની નોબત પણ આવી શકે છે.

કેડિયાએ જણાવ્યું હતું બહુ ઓછી જાણીતી વાસ્તવિકતા એ છે કે તારીખ 2-9-2014ના રોજ મદ્રાસ હાઈ કોર્ટના જસ્ટિસ રામા વી સુબ્રમણિયને એક આદેશમાં કાયદા દ્વારા ફરજિયાત મુજબ આંતરિક ફરિયાદ સમિતિ ન ધરાવવા બદલ હાનિ તરીકે રૂ. 1.68 કરોડની અડહોક ભરપાઈ ચૂકવવા માટે એક કંપનીને નિર્દેશ આપ્યા હતા. કાયદાનું પાલન ન કરવાથી સતામણીના કિસ્સામાં ઉલ્લંઘન માટે પણ થઈ શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

વિશાલ કેડિયાના જણાવ્યા અનુસાર કાયદા હેઠળ કોઈ પણ અને દરેક કંપની, સમૂહ, સંસ્થા, સંગઠન, કોલેજ, શાળા, ક્લબ, મોલ અને રમતગમત સંમેલનના આયોજકોએ આ કાયદાનું પાલન કરવાનું ફરજિયાત છે.